


# વિજ્યા દશમી અને શરદ પૂર્ણિમાનું આટલું મહત્ત્વ કેમ હોય છે?



કાળચક્ર
યજ્ઞાનંદ

એક વાર પાર્વતીજીએ દશેરાના તહેવારના ફળ વિશે શિવજીને પ્રશ્ન કર્યો ત્યારે શિવજીએ વિજયકાલની ચર્ચા કરતાં જણાવ્યું કે શત્રુ પર વિજય મેળવવા માટે રાજાએ આ સમયે પ્રસ્થાન કરવું જોઈએ. આ દિવસે શ્રવણ નક્ષત્રનો યોગ વધારે શુભ માનવમાં આવે છે. મહારાજ રામચંદ્રજીએ આ વિજયકાળમાં જ લંકા પર ચઢાઈ કરી હતી. શત્રુ સામે યુધ્ધ કરવાનો પ્રસંગ ના હોય તો પણ આ કાળમાં રાજાઓએ સીમાનું ઉલ્લંઘન કરવું જોઈએ. આ કાળમાં જ શમી વૃક્ષે અર્જુનનું ધનુષ ધારણ કર્યું હતું તથા રામચંદ્રજીએ પ્રિય વાણી કહી હતી.

શિવજીએ જવાબ આપ્યોઃ દુર્યોધને પાંડવોને જુગારમાં પરાજિત કરીને 12 વર્ષના વનવાસની સાથે 13 વર્ષમાં અજ્ઞાતવાસની શરત રાખી હતી. 13મા વર્ષમાં જો તેમની ખબર પડી જાય તો તેમણે ફરીથી 12 વર્ષનો વનવાસ ભોગવવો પડે. એટલા માટે અજ્ઞાતવાસમાં અર્જુને પોતાનું ધનુષ એક શમી વૃક્ષ પર મૂક્યું હતું. સ્વયં વૃહંલતાના વેશમાં રાજા વિરાટની પાસે નોકરી કરી લીધી હતી.

જ્યારે ગૌરક્ષા માટે વિરાટના પુત્રને અર્જુને પોતાની સાથે લીધો. ત્યારે અર્જુને શમી વૃક્ષ પરથી પોતાનાં હથિયાર ઉઠાવીને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

વિજ્યાદશમીના દિવસે રામચંદ્રજી દ્વારા લંકા પર ચઢાઈ માટે પ્રસ્થાન કરતા સમયે શમી વૃક્ષે રામચંદ્રજીના વિજયનો ઉદ્દઘોષ કર્યો હતો. એટલા માટે વિજયકાળમાં શમીપૂજન થાય છે.

એક વાર શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને બતાવ્યું કે રાજન્, વિજ્યાદશમીના દિવસે રાજાને સ્વયં અલંકૃત થઈને પોતાના દાસો અને હાથી-ઘોડાને શ્રુંગાર કરવો જોઈએ. પુરોહિતને સાથે લઈને પૂર્વ દિશામાં સીમાનું ઉલ્લંઘન કરવું જોઈએ. ત્યાં વાસ્તુ, અષ્ટ દિગ્પાલ તથા પાર્થ દેવતાને વૈદિક મંત્રોનું ઉચ્ચારણ કરીને પૂજા કરવી જોઈએ. શત્રુની મૂર્તિ બતાવીને તેની છાતીમાં બાણ મારવું જોઈએ. બ્રાહ્મણોની પૂજા કરીને હાથી-ઘોડા વગેરે અસ્ત્ર-શસ્ત્રોનું નિરીક્ષણ કરવું જોઈએ. ત્યાર બાદ તેમણે પોતાના મહેલમાં પાછા ફરવું જોઈએ. જે રાજા દર વર્ષે આ પ્રમાણે 'વિજ્યા' કરે છે તેનો શત્રુ પર હંમેશા વિજય થાય છે.

**» શરદ પૂર્ણિમાઃ કોજાગરી પૂણિમા**

25 ઓક્ટોબર 2026, રવિવારે શરદ પૂર્ણિમા ઉજવાશે.

- **પૂનમની તિથિનો પ્રારંભઃ** 25 ઓક્ટોબર 2026ના રોજ સવારે 11:55 વાગ્યાથી.
- **પૂનમની તિથિ સમાપ્તઃ** 26 ઓક્ટોબર 2026ના રોજ સવારે 09:41 વાગ્યા સુધી.
- **ચંદ્રોદયનો સમય :** સાંજે 05: વાગ્યે
- **નિશિતા કાલ- (પૂજાનું શુભ મુહૂર્ત):** રાત્રે 11:40 વાગ્યાથી 12:31 વાગ્યા સુધી (26 ઓક્ટોબર)

**» પરંપરા અને મહત્ત્વ...**

- **ખીરનો ભોગ :** આ રાત્રે ચોખા અને દૂધથી બનેલી ખીરને રાતભર ચંદ્રની રોશનીમાં રાખવાની પરંપરા છે જેને બીજા દિવસે પ્રસાદના રૂપે લેવાય છે.
- **પૂજા-આરાધનાઃ** આ દિવસે મા લક્ષ્મી, ભગવાન વિષ્ણુ અને ચંદ્ર દેવની ઉપાસના કરવામાં આવે છે.
- **રાત્રિ જાગરણઃ** આ રાત્રે દેવી લક્ષ્મી-ભક્તોના ઘરે ભ્રમણ કરે છે એટલા માટે રાત્રે ભજન-કીર્તન અને જાગરણ કરવામાં આવે છે.
- **ખીર બનાવવાનો સમય :** 25 ઓક્ટોબરની સાંજે.
- **ચંદ્રના પ્રકાશમાં ખીર રાખવાનો સમયઃ** ચંદ્ર નીકળ્યા પછી (લગભગ રાત્રે 9:00 વાગ્યથી 10:00 વાગ્યા વચ્ચે) ખીરને ખુલ્લા આકાશ નીચે રાખવામાં આવે છે.

**» નિશિતા પૂજા મુહૂર્ત (ભોગ માટે):**

રાત્રે 11:45 વાગ્યાથી 12:36 વાગ્યાની વચ્ચે ખીરનો ભોગ ધરાવવો અત્યંત શુભ માનવામાં આવે છે. ખીરને ખુલ્લામાં રાખતા સમયે તેના પર જાળી કે મખમલનું પાતળું કપડું અવશ્ય રાખવું જેથી તે સુરક્ષિત રહે. ચંદ્રનો પ્રકાશ-કિરણોમાં આખી રાત રાખ્યા બાદ સવારે આ ખીરને પ્રસાદના રૂપે લેવો.

**- શરદ પૂનમે કોનો જન્મ થયો હતો?...**

શરદ પૂનમના દિવસે ધનની દેવી માતા લક્ષ્મી અને ભગવાન શિવ અને પાર્વતીના પુત્ર કુમાર કાર્તિકેયનો જન્મ થયો હતો. આ સિવાય સ્વામીનારાયણ સંપ્રદાયમાં અક્ષર બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પણ જન્મ થયો હતો.

- **માતા લક્ષ્મી :** સમુદ્રમંથન દરમિયાન શરદ પૂનમની રાત્રે માતા લક્ષ્મીજી પ્રકટ થયાં હતાં. એટલા માટે તેને કોજાગરી પૂર્ણિમા પણ કહે છે.
- **કુમાર કાર્તિકેયઃ** તેમને ભગવાન શિવનો પુત્ર માનવામાં આવે છે. તેમના જન્મના કારણે આ તિથિને કુમાર પૂર્ણિમા પણ કહે છે.
- **ગુણાતીતાનંદ સ્વામી :** સ્વામી નારાયણ ભગવાનના પહેલા આધ્યાત્મિક ઉત્તરાધિકારીનો જન્મ પણ આ પૂનમે જ થયો હતો.
- શરદ પૂનમની રાત્રે આકાશમાંથી અમૃતનો વરસાદ થાય છે. આ રાત્રે ચંદ્ર પોતાની સોળ કળાઓથી પરિપૂર્ણ હોય છે અને પૃથ્વીની સૌથી નિકટ હોય છે. લોકો આ રાત્રે ખુલ્લા આકાશ નીચે ખીર કે દૂધ મૂકે છે જેનાથી અમૃતમિશ્રિત પ્રસાદ બની જાય છે!!

શરદ પૂનમનો ચંદ્ર જોવાથી અને તેના પ્રકાશમાં રહેવાથી મનને શાંતિ મળે છે.

# દશેરા અને શરદપૂર્ણિમાના અચૂક ઉપાયો- ટુચકાઓ



યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

દશેરા (વિજયા દશમી) 20 ઓક્ટોબર, મંગળવારે ઉજવાશે.

**દશમી તિથિ અને મુહૂર્ત**

» તિથિ પ્રારંભઃ 20 ઓક્ટોબર 2026 ના રોજ બપોરે 12:50 વાગ્યે

» તિથિ સમાપ્તઃ 21 ઓક્ટોબર 2026ના રોજ બપોરે 02:11 વાગ્યે

» વિજય મુહૂર્તઃ બપોરે 01:56 વાગ્યાથી બપોરે 02:45 વાગ્યા સુધી

» પૂજાનો સમયઃ- બપોરે 01:14 વાગ્યાથી બપોરે 03:30 વાગ્યા સુધી

**દશેરાના દિવસે લીંબુનો ઉપાય**

ખરાબ નજર, નકારાત્મક ઊર્જા અને આર્થિક તંગી દૂર કરવાનો ઘણો જ અસરકારક માનવામાં આવે છે.

**લીંબુ અને ચાર લવિંગનો ઉપાયઃ**

એક લીંબુ પર ચાર લવિંગ ઘોંચીને હનુમાનજીના મંદિરમાં અર્પણ કરવુંઃ અને 'ઓમ હનુમતે નમઃ' મંત્રનો જાપ કરવો. તેનાથી ખરાબ નજર અને બધા પ્રકારના અવરોધો દૂર થાય છે.

**દ્વાર પર લીંબુ અને મરચાંઃ**

દશેરાની સવારે જલદી ઊઠીને એક લીંબુ અને લીલાં મરચાંની માળા તૈયાર કરવી અને તેને મુખ્ય ઘરના દરવાજા પર લટકાવી દો. તેમાં ખરાબ નજર અને નકારાત્મક ઊર્જા ઘરમાં પ્રવેશ કરશે નહીં. આ ઉપાયની અસર ફક્ત નકારાત્મકતાને દૂર કરવા માટે જ નહીં, પરંતુ તે ધનને આકર્ષિત કરવામાં પણ મદદ કરે છે. જો તમે આ ઉપાય દશેરામાં કરશો તો તમારા ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે છે.

**લીંબુનાં છોડિયાંથી ધનલાભનો ઉપાય કરો**

લીંબુનાં છોડિયાં પણ ધનલાભ અને ઘરની સકારાત્મક ઊર્જા વધારવામાં મદદ કરે છે. તેના માટે સૌથી પહેલાં લીંબુને સારી રીતે ધોઈને તેનાં છોડિયાં અલગ કરી દો. હવે આ છોડિયાંને એક વાસણમાં મૂકવા અને તેના પર સાધારણ-હલકું હળદર-ચોખા છાંટવાં- આ છોડિયાંને તમે ઘરના મંદિર કે પૂજાસ્થાનમાં મૂકવો. પરંતુ તેને એવી જગ્યાએ મૂકવાં જ્યાં કોઈની નજર ના પડે! બીજા દિવસે તેને કોઈ નદીમાં પ્રવાહિત કરી દો... અથવા ઘરની બહાર કોઈ વૃક્ષ નીચે મૂકી દો. આ ઉપાય ઘરની નકારાત્મકતાને દૂર કરે છે અને નવા અવસર અને ધનનો યોગ બનાવવામાં મદદરૂપ થાય છે.

**લીંબુનાં છોડિયાંનો દીવો પ્રગટાવવોઃ**

દશેરાના એક દિવસ પહેલાં જ લીંબુના છોડિયાંને તડકામાં સૂકવી દો. દશેરાની રાત્રે આ છોડિયાંના દીવા પ્રગટાવીને ઘરના મુખ્ય દરવાજા પર કે બાલ્કની જેવા ખુલ્લા સ્થાન પર રાખો. આમ કરવાથી તે ફક્ત ઘરની નકારાત્મક શક્તિઓને દૂર કરે છે એવું નથી પરંતુ ઘરમાં લક્ષ્મીજીનો વાસ પણ થાય છે. એટલું જ નહીં આ ઉપાય ઘરની ખુશી અને સમૃદ્ધિને વધારવામાં ઘણો જ મદદરૂપ થાય છે. આ ઉપાય તમે આજથી કાયમ કરવા લાગો તો ઘરમાં સકારાત્મક ઊર્જા જળવાઈ રહે છે અને પરિવારના બધા સભ્યો પણ ખુશ ખુશ રહે છે.

**નોકરી અને ઈન્ટરવ્યુમાં સફળતાઃ**

ઈન્ટરવ્યુ પર જતાં સમયે ખિસ્સામાં એક લીંબુ રાખવું અથવા હનુમાન મંદિરમાં લવિંગ ખોસેલા લીંબુ અર્પણ કરવા. તેથી ઈન્ટરવ્યુમાં સફળતા મળશે.

**- બીમારી અને આરોગ્ય માટેઃ**

રોગી વ્યક્તિ ઉપરથી લીંબુ સાત વાર ઉતારીને કોઈ ચાર રસ્તા પર મૂકી દો. જેનાથી આરોગ્ય નડતર ઓછી થઈ જશે.

**શરદપૂર્ણિમાના અચૂક ઉપાય**

» પાંચ દીવા પ્રગટાવવાઃ આ રાત્રે પાંચ માટીનાં કોડિયાંમાં શુદ્ધ ઘી, ગોળ, દીવેટ, થોડુંક અત્તર અને મિશ્રી મૂકીને ઘરના મુખ્ય દ્વાર, તુલસી, પીપળો, મંદિર અને ચંદ્રની સામે પ્રગટાવવો. તેનાથી ઘરમાં સ્થાયી ધનનો વાસ થાય છે.

» **તુલસીની પાસે સિક્કા રાખવાઃ-** આ પવિત્ર રાત્રે તુલસીના છોડની પાસે તાંબા કે ચાંદીનો સિક્કો મૂકીને દીવો પ્રગટાવવાથી આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. બીજા દિવસે તે સિક્કાને તમારી તિજોરીમાં મૂકી દો.

» **ચંદ્રને અર્ધ્ય આપવોઃ** એક લોટામાં પાણી, ચોખા અને સફેદ ફૂલ મિલાવીને ચંદ્રને અર્ધ્ય આપવાથી ચંદ્ર દોષ દૂર થાય છે અને મન શાંત રહે છે.

» **રાતભર જાગરણ અને પાઠઃ** આ રાત્રે માતા લક્ષ્મીજીના મંત્રોનો જાપ અને શ્રીસૂક્તનો પાઠ કરતાં કરતાં રાત્રિ જાગરણ કરવાથી જીવનમાં ક્યારેય પણ ધનધાન્યની કમી રહેતી નથી.

લક્ષ્મીમંત્ર 'ઓમ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ મહાલક્ષ્મ્યૈ નમઃ'' અને ''ઓમ ચંદ્રમસ્યૈ નમઃ 'મંત્રનો જપ કરવો જોઈએ.

# રોજગારપ્રાપ્તિ કવચ ધારણ કરવાથી મને નોકરી મળી ગઈ



જડીબુટ્ટી
નજુમી

આજના સમયમાં યુવાનોની સામે જે સૌથી મોટી સમસ્યા છે તે છે રોજગારની.

આજે શિક્ષિત હોવા છતાં પણ રોજગાર મળતો નથી. આ જ કારણ છે કે, આપણો દેશ આર્થિક સમસ્યા સામે ઝઝૂમી રહ્યો છે.

પરિશ્રમી, મહેનતુ તેમ જ ભણતરની મોટી ડિગ્રીઓ હોવા છતાં પણ આજે રોજગાર નથી! સરકારી તો સરકારી પરંતુ ખાનગી ક્ષેત્રોમાં પણ કામ મળતું નથી. આવાં બેરોજગારો માટે જ 'રોજગારપ્રાપ્તિ કવચ'નું નિર્માણ કરવામાં આવે છે. આ કવચ તમોને રોજગાર અપાવવામાં મદદરૂપ થાય છે.

**રોજગાર પ્રાપ્તિ કવચે મને નોકરી અપાવી**

અમદાવાદના એક ભાઈએ પોતાનો અનુભવ જણાવ્યો છેઃ હું પણ એક શિક્ષિત બેરોજગાર છું અને હું પણ બેરોજગારોની ભીડમાં ઊભો હતો. ઘણી કોશિશ કર્યા બાદ પણ જ્યારે મને નોકરી ના મળી ત્યારે મેં પણ રોજગારપ્રાપ્તિ કવચને પહેરવાનો ખ્યાલ મારા હૃદય અને મગજમાં ઘૂમવા લાગ્યો. પછી મેં પપ્પાને આ વિશે વાતચીત કરીને એ કવચ બનાવવા માટે મારી ડિટેલ્સ મોકલી. ત્યાર બાદ કવચ મળતાં જ મેં તે કવચને જે પ્રકારે ધારણ કરવા માટે બતાવ્યું હતું. બસ, મેં એ મુજબ ધારણ કર્યું.

**કવચ ધારણ કર્યાને 25 દિવસ બાદ જ કવચનો પ્રભાવ જોવા મળ્યો.**

મને એક કંપનીએ સામે ચાલીને ફોન કર્યો અને મને મારા ડોક્યુમેન્ટની સાથે ઓફિસમાં બોલાવ્યો. ઓફિસ પહોંચતાં જ તેમણે ઓરિજિનલ સર્ટિફિકેટ જોઈને મને નોકરીમાં રાખી દીધો અને શરૂઆતમાં 15 હજાર રૂપિયાના પગારથી નોકરી રાખી લીધો અને સાથે જ 3 વર્ષનો એગ્રિમેન્ટ કરી દીધો. આ રોજગારપ્રાપ્તિના મામલામાં મારો વિચાર બિલકુલ સાચો નીકળ્યો. રોજગાર પ્રાપ્તિ કવચ ધારણ કરતાં જ તેણે તેનો પ્રભાવ દેખાડયો અને મને બેરોજગાર ના રહેવા દીધો. ગુરુજી, તમારી કૃપાથી મને રોજગાર મળ્યો છે તેને માટે હું તમારો અત્યંત આભારી છું. ધન્યવાદ, નમસ્કાર!

**કેરિયરમાં સફળતા માટેનું અદ્દભુત કવચ**

હરીફાઈના આ યુગમાં 'વ્યવસાય' તેમ જ 'નોકરીની સ્થિરતા' તેમ જ 'પ્રગતિ' કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે!

પોતાના દુર્ભાગ્યની સાથે-સાથે વિરોધીઓ તેમ જ હરીફોના કારણે વ્યવસાય તેમ જ નોકરીમાં ઘાતક ઝટકા લાગતા રહે છે.

તેના બચાવ માટે કેરિયર માટે રુદ્રાક્ષ પેન્ડલ તૈયાર કરવામાં આવ્યું છે તેમાં ખાસ કરીને (1) રુદ્રાક્ષ (2) નવગ્રહ રત્ન (3) યંત્ર વગેરેની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે. તેના માધ્યમથી કેરિયરમાં આવતી બધી સમસ્યાઓના નિવારણ માટે ગ્રહોની અનુકૂળતા તેમ જ સંબંધિત દેવી-દેવતાઓની કૃપા પ્રાપ્તિ થાય છે.

**પરિશ્રમી... મહેનતુ.. તેમ જ ભણતરની મોટી ડિગ્રીઓ હોવા છતાં પણ આજે રોજગાર નથી**

આ પેન્ડલ-કવચમાં (1) બે મુખી રુદ્રાક્ષ (2) ચાર મુખી રુદ્રાક્ષ (3) પાંચ મુખી રુદ્રાક્ષ (4) સાત મુખી રુદ્રાક્ષ (5) નવરત્નોનું પેન્ડલ (6) વ્યાપારવૃદ્ધિ યંત્ર.

આ કવચ ધારણ કરવાથી કેરિયરમાં સફળતાપ્રાપ્તિ માટે મદદરૂપ થાય છે.

# આધુનિક યુગમાં એક વિકટતમ સમસ્યા છે - પુત્ર અથવા પુત્રીનું ખરાબ સંગતમાં ફસાઈ જવું



**નવરાત્રિમાં હાથી પર સવાર થઈને માતાજી પધાર્યાં છે ત્યારે સંતાનોમાં લગ્ન માટે ભદ્રા પ્રયોગ તેમજ તેમની ખરાબ સંગતમાંથી છોડાવવા માટેનો ભદ્રકાલી ઉચ્ચાટન પ્રયોગ**

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.

આ વર્ષે નવરાત્રિનો આરંભ 'રવિવાર'ના દિવસે થવાના કારણે ધાર્મિક શાસ્ત્રો અનુસાર મા દુર્ગાનું આગમન 'હાથી' (ગજ) પર થશે. હાથી પર માતાનું આવવું ઘણું શુભ માનવામાં આવે છે... જે સારો વરસાદ, સુખ, શાંતિ અને સમૃદ્ધિનું પ્રતીક છે. જ્યારે નવરાત્રિનું સમાપન મંગળવારે (૨૦ ઓક્ટોબર) હોવાના કારણે માતાજીની વિદાય 'ચરણાયુધ' (મરઘા) પર માનવામાં આવે છે. આસો શારદીય નવરાત્રિ ૧૧ ઓક્ટોબર ૨૦૨૬, રવિવારથી શરૂ થઈને ૨૦ ઓક્ટોબર ૨૦૨૬, મંગળવારે સમાપ્ત થશે. આ દરમિયાન 'ગજકેસરી યોગ' સહિત કેટલાય દુર્લભ અને શુભ સંયોગ બનશે.

નવરાત્રિમાં માતાજીની કૃપા પ્રાપ્ત કરીને તમારી જટિલ... વણઉકલી... સમસ્યાઓમાંથી બહાર નીકળવાના પ્રયોગોઃ-

**શીઘ્ર વિવાહ - ભદ્રા પ્રયોગ**

'લગ્ન માટે' ખાસ કરીને કન્યાઓ માટે વિકટ સમસ્યા ઊભી કરી દે છે. ઉચ્ચ શિક્ષિત, પ્રતિભાવાન, હોવા છતાં પણ 'વર નથી મળતો'! પરંતુ ક્યારેક - ક્યારેક સુયોગ્ય પુત્રના લગ્નમાં પણ અનેક અડચણો આવે છે. 'શીઘ્ર વિવાહ ભદ્રા પ્રયોગ' - આ સમસ્યાનો ઉચિત તેમ જ અચૂક ઉપાય છે.

**પ્રયોગ વિધિઃ** આ પ્રયોગ નવરાત્રિના પ્રથમ દિવસે રાત્રે સંપન્ન કરવામાં આવે તો ઉત્તમ છે. એમ તો તેને નવરાત્રિના નવ દિવસોમાં ક્યારેય પણ સંપન્ન કરી શકાય છે. લગ્નની ઈચ્છા રાખનાર કન્યા અથવા પુરુષ પોતે આ પ્રયોગ કરે તો ઘણું સારું. પરંતુ જો તે સંભવ ના હોય તો જ માતા-પિતા પણ પ્રયોગ કરી શકે છે. સૌ પ્રથમ સ્નાન વગેરે કરીને સ્વચ્છ સફેદ વસ્ત્ર ધારણ કરવાં. ત્યાર બાદ ઉત્તર દિશા તરફ મોં રાખીને, સફેદ કપડાંના આસન પર બેસી જવું. પોતાની સામે લાકડાનો બાજોટ મૂકવો. તેના પર સફેદ વસ્ત્ર પાથરીને એક થાળી મૂકી દો. હવે આ થાળીમાં સફેદ ફૂલોનું આસન બનાવવું તથા તેના પર 'ભદ્રા ચક્ર' સ્થાપિત કરવું અને શુદ્ધ ઘીનો દીવો પણ પ્રગટાવવો. હવે સંકલ્પ લેવો કે, 'હું પોતાના માટે કે પોતાના પુત્ર-પુત્રી માટે શીઘ્ર વિવાહ કે સુયોગ્ય વરપ્રાપ્તિ માટે આ પ્રયોગ સંપન્ન કરી રહ્યો છું.'

ત્યાર બાદ એકાગ્ર ચિત્ત થઈને નીચેનો મંત્ર 'ભદ્રા માળા' વડે ૧૧ માળા મંત્ર જપ કરવો.

મંત્ર - 'ૐ હ્રીં ક્લીં વિવાહ બાધા નિવારણાય ફટ્'

મંત્ર જપની સમાપ્તિ બાદ ભદ્રા ચક્રને કન્યા / પુત્રના ભુજા પર બાંધી દો. જો સંતાન ના પહેરે તો તેના ફોટાની સાથે બાંધીને રાખો. (નવરાત્રિ કાળમાં પ્રયોગ સંપન્ન કરીને ધારણ કરવું જરૂરી છે.) નવરાત્રિ બાદ બંને વસ્તુઓ કૂવામાં અથવા તળાવમાં પ્રવાહિત કરવા. શીઘ્ર જ વર/વધૂની પ્રાપ્તિ થશે.

**છોકરા કે છોકરીને ખરાબ સંગતમાંથી છોડાવવાનો ભદ્રકાલી ઉચ્ચાટન પ્રયોગ**

ગૃહસ્થ જીવનની સમસ્યાઓમાં ખાસ કરીને આજના આધુનિક યુગમાં એક વિકટતમ સમસ્યા છેઃ પુત્ર અથવા પુત્રીનું ખરાબ સંગતમાં ફસાઈ જવું. જેના કારણે પારિવારિક મર્યાદાઓને ત્યાગ કરીને પોતાનું ભણવાનું ભૂલીને વ્યર્થના ક્રિયા-કલાપો, મદિરાપાન, જુગાર વગેરેમાં સંલિપ્ત થઈ જાય છે... આવી સંગતિથી જો તેમનો મોહ-ભંગ કરવામાં ના આવે - તો તેમનું જીવન બરબાદ થઈ શકે છે. આ કાર્ય માટે 'તીવ્ર ભદ્રકાલી ઉચ્ચાટન પ્રયોગ' છે.



**પ્રયોગ વિધિ**

નવરાત્રિના નવ દિવસોમાંથી કોઈ પણ દિવસ આ પ્રયોગને સંપન્ન કરી શકાય છે. રાત્રિના દસ વાગ્યા પછી સ્નાન વગેરે કરીને ભૂરાં વસ્ત્ર ધારણ કરવાં. હવે દક્ષિણ દિશા તરફ મોંઢુ રાખીને કાળા આસન પર બેસવું. તમારી સામે લાકડાનો એક બાજોઠ મૂકો તથા તેની પર ભૂરું વસ્ત્ર પાથરવું. બાજોટ પર એક થાળી મૂકવી તથા કંકુથી રંગેલા ચોખા વિખેરી દો. હવે થાળીમાં 'સિદ્ધ મહાકાળી કલ્પ'ને સ્થાપિત કરવું તથા તેલનો દીવો પ્રગટાવીને સંકલ્પ કરવો. ત્યાર બાદ 'ભદ્રકાલી ઉચ્ચાટન માળા'થી નીચેના મંત્રની ૧૦૮ માળા મંત્ર જપ કરવી.

**મંત્ર - ॥ ૐ કલીં ઉચ્ચાટય ભદ્રકાલિ અવતર અવતર ૐ ફટ્ ॥**

મંત્ર જપ બાદ - 'કલ્પ' તેમ જ 'માળા' - બંનેને તે વ્યક્તિના (પુત્ર-પુત્રી)ના ફોટાની સાથે મૂકવા. પ્રયોગ સમાપ્ત થયા પછી ૨૧ દિવસ બાદ માળા તેમ જ ભદ્રકાલી કલ્પને દક્ષિણમાં જઈને ભૂમિમાં દબાવી દો. તમે અનુભવ કરશો કે થોડાક સમય બાદ મા કાલીની કૃપાથી યુવક/યુવતી સાચા માર્ગે પાછા ફરે છે.